જે ઈજારદારો રજીસ્ટ્રેશન ધરાવતા હોય
તેમના જ ટેન્ડર ખોલવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ- ટીએનસી-૧૦-૨૦૧૬-(FA-591-16)-૦૨-સી
સચિવાલય, ગાંધીનગર
તા.03-0૯-૨૦૧૬

વંચાણે લીધાઃ- (૧) ઠરાવ ક્રમાંકઃ- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૨૭-૦૧-૧૯૯૮
(૨) ઠરાવ ક્રમાંકઃ- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૦૬-૦૮-૨૦૧૧

**પરિપત્ર :-**

કેટલીક મા.મ. વિભાગીય કચેરીઓ દ્વારા કોન્ટ્રાકટર તરફથી રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રીન્યુઅલની અરજી કરવામાં આવેલ હોય, પણ તેમનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશન જેતે ટેન્ડર ખોલવાની તારીખે ન મળેલ હોય / આપવામાં આવેલ ન હોય તેમ છતાં તેમનાં ટેન્ડર ખોલવામાં આવેલ હતાં. પરિણામે આ ટેન્ડર ફરીવાર મંગાવવાના થાય છે તેમજ તેના કારણે કામના અમલીકરણમાં વિલંબ થાય છે. આથી હવે આ બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ ચુસ્તપણે અમલમાં મુકવાની રહેશે.

કાર્યપાલક ઇજનેરશ્રી/અધિક્ષક ઇજનેરશ્રી ધ્વારા ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારો જેતે ટેન્ડર માટે પાત્રતા પ્રમાણેની કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમજ જેતે ટેન્ડર માટેની જરૂરી કેટેગરી/સ્પેશ્યીલ કેટેગરીમાં પણ રજીસ્ટ્રેશન ધરાવતાં હોય, આમ આ બન્ને શરતો પુર્ણ કરતા હોય તેવા ઇજારદારોના જ ટેન્ડર ખોલવાનાં રહેશે.

ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારની રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોય, તેમનાં ટેન્ડર ખોલવાનાં રહેશે નહી. તેમ છતાં આ પ્રકારનાં પાત્રતા ન ધરાવતાં ઇજારદારોનાં ટેન્ડર ખોલવામાં આવશે તો સબંધિતોની જવાબદારી નક્કી કરવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવી.

આ પરિપત્ર ગુજરાત રાજ્ય બહાર રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાક્ટર ધ્વારા જો ગુજરાતમાં વિભાગના કામોના ટેન્ડર ભરેલ હોય, તેવા કિસ્સામાં લાગુ પડશે નહીં.

(એ. એન. મિસ્ત્રી)
ઉપ સચિવ(રા.ર.)
માર્ગ અને મકાન

નકલ રવાના :-

(૧) મા.નાયબ મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૨) મા.રા.ક..મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૩) મુ.ઇ.(મા.મ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મુ.ઇ.(પંચા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) મુ.ઇ.(ને.હા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) મુ.ઇ.(પા.યો.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મુ.ઇ.(ગુ.નિ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) નિયામકશ્રી (એસટીસી) સ્ટાફ સ્ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

(૯) મુ.ઇ.શ્રી (પી એન્ડ પી), મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) નાણાંકીય સલાહકારશ્રી, (મા.મ.) વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સર્વે અ.ઇ.શ્રીઓ (મા.મ.) વર્તુળ, પેટા/ મા.મ.વર્તુળ/ ને.હા.વર્તુળ/ એક્સપ્રેસ –વે – વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ.

(૧૨) સર્વે કા.ઇ.શ્રીઓ ઉપર્યુક્ત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.

(૧૩) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત)

(૧૪) સર્વે પ્રોજેક્ટ શાખાઓ મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૫) સીલેક્ટ ફાઇલ સી - શાખા, ૨૦૧૬